Vol. : 48 • Issue : 334 • VADODARA SAMACHAR • Date 15 AUGUST, 2025 • Pages : 04

### વડોદરા ચૂઈ ગેંગ સામે ગુજસીટોક કેસઃ ગેંગે હત્યા સહિતના ૧૨૮ ગુના આચર્યા'

# ચુઇ ગેંગના ૬ આરોપીઓને રાજ્યની અલગ-અલગ જેલમાં તબદીલ કરાયા

● વડોદરા,તા.૧૪

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં ધાક જમાવવા જીવલેણ હુમલા કરતી અને મોટાપાયે દારૂનો વેપલો કરતી ચૂઈ ગેંગ સામે વડોદરા પોલીસે ગુજસીટોકનો ગુનો કર્યો હતો અને અને આરોપીની ધરપકડ કરી હતી. અને આજે ચુઈ ગેંગના ૬ આરોપીઓને રાજ્યની અલગ-અલગ જેલમાં તબદીલ કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં ખૂન, હત્યાની કોશિશ, ખંડણી, મારામારી, દારૂની હેરાફેરી જેવા ૧૨૮ ગુના આચરનાર સૂરજ ઉર્ફે ચૂઈ રમણભાઈ કહારે પોતાના મોટાભાઈ કૃણાલ કહાર સાથે મળી ચૂઈ ગેંગ બનાવી હતી.

આ ચૂઈ ગેંગે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૨૮ ગુના આચર્યા હતા. જે પૈકી પોલીસે ૬૪ ગુનાને ધ્યાનમાં લઈ તપાસ હાથ ધરતા આ ગેંગના કુલ સાત સાગરિતો સંગઠીત થઈ ગુનાખોરી આચરતા હતા.




પોલીસ તંત્ર દ્વારા તેમની ધરપકડ અને પાસા જેવા અટકાયતી પગલાં ભરવા છતાં આ ટોળકીએ ગુના આચરવાનું છોડ્યું ના હતું તેમજ જેલમુક્ત થતાં જ ફરી ગુના આચરતા હોવાથી તેમની ગુનાહિત પ્રવૃત્તિ ઉપર અંકુશ મેળવવા ગુના શોધક શાખાએ ચૂઈ ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવા પોલીસ કમિશ્નર પાસે મંજૂરી માંગી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ચૂઈ ગેંગ સામે પાણીગેટ પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો. જેની તપાસ મદદનીશ પોલીસ કમિશ્નર ડી.જે. ચાવડાએ સંભાળી લઈ અગાઉ ૬ આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીઓ વડોદરા મધ્યસ્થ જેલથી પરિચિત છે અને ત્યાં સાથે રહીને પરોક્ષ રીતે અન્ય ગુનાઓ આચરી શકે છે અથવા તપાસને પ્રભાવિત કરી શકે છે. આ શક્યતાને ધ્યાનમાં રાખીને તેને અલગ-અલગ જેલોમાં તબદીલ કરવાનો નિર્ણય લેવાયો છે.

#### કયા આરોપીને કઈ જેલમાં મોકલાયો

- સુરજ ઉર્ફે ચુઇ રમણભાઇ કહાર - લાજપોર મધ્યસ્થ જેલ, સુરત
- દીપકભાઇ ઉર્ફે દીપેશ દશરથભાઇ કહાર - અમદાવાદ મધ્યસ્થ જેલ, અમદાવાદ
- પાર્થ ઉર્ફે સોનુ રાજુભાઇ બ્રહ્મભટ્ટ - પાલારા ખાસ જેલ, ભુજ
- પ્રદીપ ઉર્ફે જાડીયો ઠાકોરભાઇ ઠક્કર - રાજકોટ મધ્યસ્થ જેલ, રાજકોટ
- રવિ સુભાષભાઇ માછી - મહેસાણા જિલ્લા જેલ, મહેસાણા
- કૃણાલ રમણભાઇ કહાર - રાજપીપળા જિલ્લા જેલ, રાજપીપળા

### અમદાવાદના એક પરિવારને બીમારી અને દુઃખ દૂર કરવાના નામે છેતરી

# પૂજાપાઠના નામે ઠગાઇ કરતો શખ્સ ચાર વર્ષ બાદ વડોદરાના વિજયનગરમાંથી ઝડપાયો

● વડોદરા,તા.૧૪

અમદાવાદના એક પરિવારને બીમારી અને દુઃખ દૂર કરવાના નામે છેતરીને રોકડ અને દાગીના પડાવી લેનાર એક ભેજાબાજ ઠગને વડોદરાના સંગમ વિસ્તારમાંથી ચાર વર્ષ બાદ ઝડપી પાડવામાં આવ્યો છે. આ શખ્સ, જે પૂજાપાઠના બહાને લોકો સાથે છેતરપિંડી કરતો હતો, તે છેલ્લા ચાર વર્ષથી પોલીસની પકડથી દૂર હતો. તેની ધરપકડ બાદ પોલીસે તેને અમદાવાદ પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે.



આ ઘટનાની શરૂઆત ચાર વર્ષ પહેલાં અમદાવાદમાં થઈ હતી. અમદાવાદના સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં એક પરિવારે ફરિયાદ નોંધાવી હતી કે વડોદરાના એક શખ્સે તેમને બીમારી અને દુઃખ દૂર કરવાના બહાને મોટી રકમ અને સોનાના દાગીના પડાવી લીધા છે. પોલીસ તપાસમાં આ શખ્સનું નામ હિતેશ ઉર્ફે ઘનશ્યામ હરિઓમ પ્રસાદ યાજ્ઞિક હોવાનું બહાર આવ્યું હતું, જે વડોદરાના સંગમ ચાર રસ્તા પાસે આવેલા વિજયનગર વિસ્તારમાં માઈમાતાના મંદિર પાસે રહે છે.

ફરિયાદ નોંધાયા બાદ હિતેશ ઉર્ફે ઘનશ્યામ પોલીસની પકડમાં ન આવે તે માટે છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો હતો. તે પોતાનું રહેઠાણ અને દેખાવ વારંવાર બદલતો રહેતો હતો, જેના કારણે પોલીસ માટે તેને શોધવો મુશ્કેલ બન્યો હતો. પરંતુ, ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત માહિતીના આધારે પોલીસ તેની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી.

તાજેતરમાં, વડોદરાના વારસિયા પોલીસ સ્ટેશનને ચોક્કસ માહિતી મળી હતી કે ચાર વર્ષથી ફરાર હિતેશ ઉર્ફે ઘનશ્યામ વિજયનગર વિસ્તારમાં આવેલા મંદિર પાસે ઊભો છે. માહિતી મળતા જ પોલીસની ટીમે તાત્કાલિક તે સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે હિતેશ ઉર્ફે ઘનશ્યામ ટી-શર્ટ અને ફોર્મલ પેન્ટ પહેરેલો હતો. પોલીસે તેને ઓળખી કાઢીને તત્કાળ ઝડપી પાડ્યો હતો.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હિતેશ ઉર્ફે ઘનશ્યામ પોતાની જાતને પૂજારી તરીકે રજૂ કરતો હતો અને લોકોને તેમની સમસ્યાઓ દૂર કરવાનો વિશ્વાસ અપાવતો હતો. તે ખાસ કરીને બીમાર લોકો અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા પરિવારોને નિશાન બનાવતો હતો. પૂજાપાઠ અને ધાર્મિક વિધિઓના નામે તે તેમની પાસેથી મોટી રકમ અને દાગીના પડાવી લેતો હતો.

### ડભોઇની દુકાનમાં બુકાનીધારી લૂંટારા ત્રાટક્યા, વેપારીઓમાં ફફડાટ

# ચાર અજાણ્યા ઈસમોએ શ્રીરામ ટીમ્બર્સ માર્ટના દુકાન માલિક ઉપર હુમલો કરીને ૪૭ હજારની લૂંટ કરી

● વડોદરા

ડભોઈ-વડોદરા રોડ પર આવેલી શ્રી રામ ટીમ્બર્સ એન્ડ સેન્ટરિંગમાં લૂંટની ઘટના બનતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. દુકાનના માલિક દરગારામ પીરારામ સુથાર પર ચાર બુકાનીધારી લૂંટારાઓએ હુમલો કરી રોકડ રૂપિયા ૪૭,૦૦૦ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી છે.મળેલી માહિતી પ્રમાણે મોડી સાંજે ટીમ્બરના માલિક દરગારામ સુથાર દુકાનમાં એકલા હતા, ત્યારે ચાર ઈસમો અચાનક ઘસી આવ્યા હતા .

# ભાયલીમાં પેટ્રોલ પંપ બહાર બે શખ્સોએ એક યુવકને માર માર્યો, વીડિયો વાયરલ

● વડોદરા

શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા એક પેટ્રોલ પંપ બહાર બે શખ્સો દ્વારા એક વ્યક્તિને બેરહેમીપૂર્વક માર મારવામાં આવી રહ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટના અંગે કોઈ નાગરિકે પોતાના મોબાઈલ ફોનથી વીડિયો બનાવી લીધો હતો, જે હવે વડોદરામાં ચર્ચાનો વિષય બન્યો છે.

વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બે શખ્સો એક વ્યક્તિને ઢોર માર મારી રહ્યા છે. માર મારવાનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ



વીડિયોમાં જોવા મળતા દ્રશ્યો ચોંકાવનારા છે. આ ઘટના ભાયલી વિસ્તારના એક પેટ્રોલ પંપ પાસે બની હોવાનું મનાય છે. આસપાસ લોકોની અવરજવર હોવા છતાં કોઈએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો ન હતો. આ વીડિયો વાયરલ થયા બાદ વડોદરા પોલીસના ધ્યાન પર આ મામલો આવ્યો છે. જોકે, હજુ સુધી આ ઘટના અંગે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. પોલીસે આ વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે અને માર મારનાર તથા માર ખાનાર વ્યક્તિઓની ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ હુમલા પાછળ અંગત અદાવત કે અન્ય કોઈ કારણ છે તે પોલીસની તપાસ બાદ જ બહાર આવશે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા કર્યા છે.પોલીસ આ મામલે ગુનો નોંધીને કડક કાર્યવાહી કરશે તેવી શક્યતા છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

### આરોપીઓની ઓળખ અને પૂર્વ ગુનાહિત ઇતિહાસ

# રિક્ષામાં દારૂની ખેપ મારતી બે મહિલા અને રિક્ષાચાલક પકડાયાઃ ગૌરી અગાઉ ૭ વખત ઝડપાઈ

● વડોદરા

શહેરના દુમાડ ચોકડી વિસ્તારમાં સમા પોલીસ દ્વારા એક રિક્ષામાંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઘટનામાં દારૂની હેરાફેરી કરતી બે મહિલાઓ અને રિક્ષાચાલક સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આશરે ₹1.50 લાખની કિંમતની ૮૫૩ દારૂની બોટલો કબજે કરવામાં આવી છે.

ડીસીપી પન્ના મોમાયાને માહિતી મળી હતી કે કેટલીક મહિલાઓ રિક્ષાનો ઉપયોગ કરીને શહેરના અલગ અલગ વિસ્તારોમાં દારૂની હેરાફેરી કરી રહી છે. આ માહિતીના આધારે, ડીસીપીએ સમા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.બી. કોડિયાતરને આ મામલે સતર્ક રહેવા અને વોચ ગોઠવવા સૂચના આપી હતી. પોલીસની ટીમ દુમાડ ચોકડી પાસે સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ કરી રહી હતી.પોલીસની વોચ દરમિયાન, એક રિક્ષા શંકાસ્પદ રીતે પસાર થઈ રહી હતી. પોલીસે રિક્ષાને અટકાવીને તેની તપાસ કરી. રિક્ષાની અંદરથી પોલીસને પ્લાસ્ટિકના કોથળા અને બોક્સમાં છુપાવેલો દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક રિક્ષાચાલક અને તેમાં સવાર બે મહિલાઓની ધરપકડ કરી હતી.પોલીસની પૂછપરછમાં આરોપીઓની ઓળખ થઈ હતી. તેમાં એક મહિલા ગૌરી તોપાનભાઈ ભાભોર (રહે. ભગવાનપાર્ક સામે, રણોલી, મૂળ દાહોદ), બીજી મહિલા ઉર્મિલા છનાભાઈ પરમાર (રહે. ગણેશ નગર, રણોલી) અને રિક્ષાચાલક ગેમસિંગ ઉર્ફે ગેમા સબુરભાઈ બારિયા (રહે. જીતુભાઈની ચાલી, રણોલી, મૂળ ખોજળવાસા, શહેરા) હોવાનું બહાર આવ્યું હતું.ચોંકાવનારી વાત એ છે કે, પકડાયેલી આરોપી મહિલાઓમાંની એક, ગૌરી ભાભોર, દારૂની હેરાફેરીના ગુનામાં અગાઉ પણ સાત વખત પકડાઈ ચૂકી છે. આ દર્શાવે છે કે તે દારૂની હેરાફેરીના નેટવર્કમાં સક્રિય રીતે સામેલ છે અને છતાં કાયદાનો ડર રાખતી નથી.

પોલીસે આરોપીઓ પાસેથી ₹1,50,000ની કિંમતની વિદેશી દારૂની ૮૫૩ બોટલો, ₹૫૦,૦૦૦ની કિંમતની રિક્ષા અને ₹૧૦,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન સહિત કુલ ₹૨,૧૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિઓ સામેલ છે કે કેમ, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. આ સફળ કામગીરીથી પોલીસે દારૂની હેરાફેરી કરતા તત્વોને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ પોલીસની નજરથી બચી શકશે નહીં.

### ફાયર વિભાગમાં કરોડોના કૌભાંડ બાદ

# આરોગ્ય અમલદાર અને ચીફ ફાયર ઓફિસર સસ્પેન્ડ, સમગ્ર સભામાં દરખાસ્ત રજૂ થશે

● વડોદરા,તા.૧૪

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર બ્રિગેડ માટે ૩.૧૭ કરોડના ઈમરજન્સી સાધનોની ખરીદીમાં થયેલી ગેરરીતિ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો બાદ કોર્પોરેશનના બે ઉચ્ચ અધિકારીઓ, આરોગ્ય અમલદાર ડૉ. દેવેશ પટેલ અને ચીફ ફાયર ઓફિસર મનોજ પાટીલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ મામલે કોર્પોરેશનની આગામી ૨૦મી તારીખે મળનારી સમગ્ર સભા (જનરલ બોર્ડ) માં આ અંગેની જાણકારી આપતી એક દરખાસ્ત રજૂ કરવામાં આવશે, જેના કારણે આ વિવાદ વધુ ગરમાય તેવી શક્યતા છે.

ફાયર વિભાગના ઈમરજન્સી સાધનોની ખરીદીમાં મોટી ગેરરીતિ થયાની ફરિયાદ બાદ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ પ્રાથમિક રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે અધિકારીઓએ આ ખરીદીમાં ગંભીર બેદરકારી દાખવી હતી, અને કેટલાક નિયમોનું ઉલ્લંઘન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રાથમિક રિપોર્ટના આધારે ડૉ. દેવેશ પટેલ અને મનોજ પાટીલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર નૈતિક ભટ્ટને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ મામલે સસ્પેન્ડ થયેલા અધિકારીઓ સામે વધુ તપાસ કરવાની બાબત હાલ વિચારણા હેઠળ છે, અને આગામી દિવસોમાં કડક પગલાં લેવામાં આવે તેવી સંભાવના છે.

આ ગેરરીતિના મામલા બાદ વિરોધ પક્ષ કોંગ્રેસ પણ આક્રમક બન્યો છે. કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ લેખિત રજૂઆત કરીને વિજિલન્સ તપાસની માંગ કરવામાં આવી છે. વિરોધ પક્ષનો આક્ષેપ છે કે આ કૌભાંડ માત્ર ફાયર વિભાગ પૂરતું સીમિત નથી. છેલ્લા પાંચ વર્ષમાં આરોગ્ય વિભાગ દ્વારા ખરીદવામાં આવેલી દવાઓ અને અન્ય સાધનોની ખરીદીમાં પણ ગેરરીતિ થઈ હોવાની સંભાવના છે. આ ઉપરાંત, ફાયર બ્રિગેડમાં થયેલી ભરતીની કામગીરીમાં પણ ગેરરીતિ થઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આથી, કોંગ્રેસે આ તમામ મુદ્દાઓની વિજિલન્સ તપાસ કરાવીને સત્ય બહાર લાવવાની માંગ કરી છે.

આગામી ૨૦મી તારીખે મળનારી સમગ્ર સભામાં આ મામલે ભારે હોબાળો થવાની શક્યતા છે. સસ્પેન્ડ થયેલા અધિકારીઓ અને ખરીદીમાં થયેલી ગેરરીતિ અંગેની દરખાસ્ત રજૂ થતા વિરોધ પક્ષ આ મુદ્દે શાસક પક્ષને ઘેરી વળશે અને જવાબદારી નક્કી કરવાની માંગ કરશે. આ સમગ્ર ઘટનાક્રમ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટ પર ગંભીર સવાલો ઊભા કરે છે અને દર્શાવે છે કે ટેન્ડર પ્રક્રિયા અને ખરીદીમાં પારદર્શિતાનો અભાવ છે. નાગરિકો પણ માંગ કરી રહ્યા છે કે આ કૌભાંડમાં જે કોઈ પણ દોષિત હોય, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય.

# બેન્ક ઓફિસરની ઓળખ આપી વિધવા મહિલાના ૯ લાખના દાગીના પડાવી લેનાર બે ઠગ ઝડપાયા

● વડોદરા,તા.૧૪

શહેરના દુમાડ વિસ્તારમાં રહેતા એક વિધવા મહિલાને બેંક ઓફિસર તરીકેની ખોટી ઓળખ આપીને તેમના પતિના ખાતામાંથી પૈસા પરત અપાવવાના બહાને ૯ લાખ રૂપિયાની કિંમતના દાગીના પડાવી લેનાર બે ઠગને છાણી પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરી કરેલા દાગીના અને ગુનામાં વપરાયેલું વાહન પણ જપ્ત કર્યું છે.છેલ્લા કેટલાક સમયથી શહેરમાં બેંક ઓફિસર તરીકેની ખોટી ઓળખ આપીને છેતરપિંડી કરતી ટોળકી સક્રિય હતી. આ ટોળકીએ દુમાડ ગામના મધુબેન ચાવડાને પોતાનો શિકાર બનાવ્યા હતા. ગત તારીખ ૧૧મી ઓગસ્ટના રોજ મધુબેન છાણી વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં પોતાના પાસબુકમાં એન્ટ્રી પડાવવા ગયા હતા. બેંકનું કામ પતાવીને તેઓ બહાર રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા, તે દરમિયાન બે અજાણ્યા શખ્સો તેમની પાસે આવ્યા.બંને શખ્સોએ પોતાને બેંકના ઉચ્ચ અધિકારી તરીકેની ઓળખ આપી અને મધુબેનનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો.

## પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 095 થી 097 વર્ષ 2025-26**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 095 વર્ષ 2025-26 | વડોદરા વિભાગઃ- આણંદ-ગોધરા વિભાગ બ્ર. નં. 32,35 અને 51 આણંદ-ગોધરા વિભાગ નું પુનર્નિર્માણ. (પુનઃઆમંત્રિત) (R-1) | 3,92,57,548.15 | 3,46,300.00 |
| 2 | DRM BRC 096 વર્ષ 2025-26 | વડોદરા (પી):- બેડ કકેપેસીટી વધારવા માટે ટેરેસ પર રસોડું અને ડાઈનિંગ એરિયા ખસેડીને મુસાફરોના દોડવાના ખંડમાં સુધારો (પુનઃઆમંત્રિત) (R-1). | 1,35,42,849.11 | 2,17,700.00 |
| 3 | DRM BRC 097 વર્ષ 2025-26 | પ્રતાપનગરઃ- જૂના જર્જરિત સ્ટાફ ક્વાર્ટર નંબર 158, 159, 160 અને 205ને બદલીને કોલોની ખાતે 32 યુનિટ નવા ટાઈપ-II સ્ટાફ ક્વાર્ટર્સ પુરા પાડવા | 8,23,58,387.10 | 5,61,800.00 |

**ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર **04.09.2025** ના રોજ **15.00** કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે **15.30** કલાકે ખોલવાનું છે.**વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004.

BRC 145

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## Samrat Pharmachem Limited

Regd Office : Plot No. A2/3445, GIDC, Phase 4, Ankleshwar - 393 002, Gujarat (Website: www.samratpharmachem.com)
Corp Office : 701/702 Business Square, M. A. Road, Andheri (West), Mumbai - 400 058 (CIN: L24230GJ1992PLC017820)

Extract of standalone unaudited financial results for the quarter ended June 30, 2025

(Currency : Indian Rupees in lakhs)

| Particulars | Quarter Ended | | | Year ended |
|---|---|---|---|---|
| | 30-Jun-25 (Unaudited) | 31-Mar-25 (Unaudited) | 30-Jun-24 (Unaudited) | 31-Mar-25 (Audited) |
| **Total Income from operations** | 7,634.29 | 7,109.58 | 8,140.99 | 28,683.39 |
| Profit before tax before exceptional items | 20.78 | -36.35 | 281.85 | 988.61 |
| Exceptional item income | - | - | - | - |
| Profit before tax after exceptional items | 20.78 | -36.35 | 281.85 | 988.61 |
| Tax expense | 43.67 | 3.57 | 75.30 | 277.39 |
| **Profit after tax** | -22.89 | -39.92 | 206.55 | 711.22 |
| Paid up equity capital | 308.97 | 308.97 | 308.97 | 308.97 |
| **Basic and diluted earnings per equity share in Rs (Face value Rs. 10 each)** | -0.74 | -1.29 | 6.69 | 23.02 |

Notes :
1 The above results were reviewed by the Audit Committee of the Board of Directors.
2 The above results have been taken on record by the Board of Directors at it Meeting held on Wednesday, August 13, 2025 at the Corporate Office of the Company.
3 The Company manufactures phamaceutical chemicals, which is a single business segment.
4 The figures for the previous period have been regrouped where necessary to conform to current period's classification.

By order of the Board of Directors
For Samrat Pharmachem Limited
Lalit Mehta
Chairman & Managing Director

Place:Mumbai
Date : August 13, 2025

## Steelco Gujarat Limited

STEELCO GUJARAT LIMITED — ENGINEERED FOR EXCELLENCE

Registered Office : Plot No.2, G.I.D.C. Estate, National Highway No. 8, Palej - 392 220. Tel No. : 91-2642-277 479 / 480 / 481.
Website : www.steelcogujarat.com | CIN No. : L27110GJ1989PLC011748

**EXTRACTS OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30 JUNE, 2025**

(Rs. In Lakhs, unless otherwise stated)

| Particulars | Quarter ended 30.06.2025 | Year ended 31.03.2025 | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|
| | (Unudited) | (Audited) | (Unudited) |
| Total Income from operations | 33.48 | 417.73 | 30.74 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | (464.36) | (2,053.78) | (318.16) |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items) | (464.36) | (2,053.78) | (318.16) |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items) | (464.36) | (2,053.78) | (318.16) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | (464.36) | (2,053.78) | (318.16) |
| Equity Share Capital | 49.66 | 49.66 | 49.66 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | 3,923.55 | - |
| **Earnings Per Share** (Face Value of Rs. 10/- each) | | | |
| Basic | (9.35) | (41.36) | (6.41) |
| Diluted | (9.35) | (41.36) | (6.41) |

Notes :
1. The above Financial Results have been reviewed and recommended by Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 13th August, 2025.
2. The above is the extract of the detailed format of financial results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Financial Results are available on the website of the Stock Exchange (www.bseindia.com) and on Company's website (https://steelcogujarat.com/) and can be accessed by scanning the below QR code.
3. Figures for the previous periods have been regrouped and/or rearranged and/or reclassified wherever necessary to make them comparable with those of current periods.

For and on behalf of Board of Directors of
Steelco Gujarat Limited
Sd/-
ANOOP KUMAR SAXENA
Managing Director
(DIN : 10311727)

Date : 13.08.2025
Place: Vadodara

MAKE IN INDIA
वस्त्र मंत्रालय MINISTRY OF TEXTILES Government of India
स्वच्छ भारत — एक कदम स्वच्छता की ओर

## હસ્તકલા
### પ્રદર્શન સહ વેચાણ

**તારીખઃ ૧૧ થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫**



**સ્થળઃ ઓપન ગ્રાઉન્ડ, ડી-માર્ટ પાસે, અકોટા, બરોડા**

*દેશભરના શ્રેષ્ઠ કારીગરો દ્વારા બનાવેલ હેન્ડીક્રાફ્ટ તથા હેન્ડલૂમની ઉત્કૃષ્ઠ કલાકૃતીઓનું વેચાણ સહ પ્રદર્શન*

પીઠોરા ચિત્રો, વારલી ચિત્રકળા, મોતીકામ, બાંબુ ક્રાફ્ટ, પેચ વર્ક, જરી જરદોષી, એમ્બ્રોયડરી, કુર્તા, કુર્તી, ચણીયાચોળી, બેડશીટ, લેડીઝ પર્સ અને ઘણું બધુ

*સમયઃ સવારે ૧૧ થી રાત્રે ૯ ફ્રી એન્ટ્રી/પાર્કિંગ*

भारतीय handicrafts हस्तशिल्प continuing tradition
Sponsored By: Office of The Development Commissioner (H) Ministry of Textile, Govt. of India, New Delhi
Organised By: Craftizen Handmade Producer Company Limited, Gujarat

## ICICI Bank — ICICI Securities

**આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ**
**સીઆઈએનઃ** એલ૬૫૧૯૦જીજે૧૯૯૪પીએલસી૦૨૧૦૧૨
**રજીસ્ટર્ડ ઓફિસઃ** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલની પાસે, જુના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭, **ફોનઃ** ૦૨૬૫-૬૭૨૨૨૩૯
**કોર્પોરેટ ઓફિસઃ** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, મુંબઈ ૪૦૦ ૦૫૧
**ફોનઃ** ૦૨૨-૪૦૦૮ ૮૯૦૦
**વેબસાઈટઃ** www.icicibank.com
**ઈમેઈલઃ** companysecretary@icicibank.com

**આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝ લિમિટેડ**
**સીઆઈએનઃ** યુ૬૭૧૨૦એમએચ૧૯૯૫પીએલસી૦૮૬૨૪૧
**રજીસ્ટર્ડ ઓફિસઃ** આઈસીઆઈસીઆઈ વેન્ચર હાઉસ, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦ ૦૨૫
**ફોનઃ** ૦૨૨-૬૮૦૭ ૭૧૦૦
**વેબસાઈટઃ** www.icicisecurities.com
**ઈમેઈલઃ** investors@icicisecurities.com

### નોટિસ
**[ઈક્વિટી શેર્સને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)માં ટ્રાન્સફર કરવા માટે)]**

આ નોટિસ સપ્ટેમ્બર ૭, ૨૦૧૬ના રોજ અને તેના પછી થયેલ સુધારાઓ મુજબ કોર્પોરેટ અફેર્સ મંત્રાલયના સૂચિત ધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રિફંડ) નિયમો, ૨૦૧૬ ('નિયમો') ને સંબંધિત પ્રકાશિત કરાઈ છે.

ધી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની લાગુ પડતી જોગવાઈઓ અને તેના હેઠળ બનાવેલા નિયમો અનુસાર, જે ઈક્વિટી શેર્સના સંદર્ભમાં ડિવિડન્ડ સતત સાત વર્ષથી ક્લેઈમ કરવામાં આવેલ નથી તેને આઈઈપીએફ ઓથોરિટીમાં ટ્રાન્સફર કરવાની આવશ્યકતા છે.

નિયમો અનુસાર નિર્ધારિત આવશ્યકતાનું પાલન કરીને, આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝ લિમિટેડ ('આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝ') ના ભૂતપૂર્વ શેરધારકો કે જેમના ડિવિડન્ડ સતત સાત વર્ષ સુધી એનકેશ થયેલ નથી અને જેના આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ ('આઈસીઆઈસીઆઈ બેંક') ના ઈક્વિટી શેર્સ, જે આઈસીઆઈસીઆઈ બેંક, આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝ અને સંબંધિત શેરધારકો વચ્ચે આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝના ઈક્વિટી શેર્સના ડિલિસ્ટિંગ માટેની યોજનાની ગોઠવણ અનુસાર જારી કરવામાં આવ્યા છે, આઈઈપીએફ ઓથોરીટીને ટ્રાન્સફર કરવા માટે લાયબલ છે, તેઓને વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવેલ છે કે, તેઓ નવેમ્બર ૧૮, ૨૦૨૫ના રોજ અથવા તેની પહેલા યોગ્ય કાર્યવાહી કરે.

જો, નવેમ્બર ૧૮, ૨૦૨૫ સુધીમાં આવા શેરધારકો તરફથી કોઈ જવાબ નહિં મળે, તો આઈસીઆઈસીઆઈ સિક્ટોરીટીઝનું અનક્લેઈમ્ડ ઈન્ટરીમ ડિવિડન્ડ (નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯) અને આઈસીઆઈસીઆઈ બેંકના ઈક્વિટી શેર્સ ને નિયમો અનુસાર આવશ્યકતાનું પાલન કરીને આઈઈપીએફ ઓથોરીટીને ટ્રાન્સફર કરવામાં આવશે.

આ સંબંધિત શેરધારકોની વિગતો આઈસીઆઈસીઆઈ બેંકની વેબસાઈટ https://www.icicibank.com/about-us/invest-relations પર અને આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝની વેબસાઈટ https://www.icicisecurities.com/wfrmInvestorRelation.aspx પર અપલોડ કરવામાં આવેલ છે.

વેબસાઈટ્સ પર અપલોડ કરાયેલી વિગતો ને આઈઈપીએફ ઓથોરીટીને નિયમો અનુસાર શેર્સ ટ્રાન્સફર કરવાના હેતુ માટે પર્યાપ્ત નોટીસ ગણવામાં અને માનવામાં આવશે.

અનક્લેઈમ્ડ ડિવિડન્ડ અને ઈક્વિટી શેર્સ અને આવા શેર્સને સંબંધિત તમામ લાભ સહીત જે આઈઈપીએફમાં ટ્રાન્સફર કરાયા હોય એ આઈઈપીએફ ઓથોરિટી પાસેથી પરત મેળવવા માટે નિયમોમાં નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને તેના માટે સંબંધિત શેરધારકો ક્લેઈમ કરી શકશે.

આ વિષય સંબંધિત કોઈપણ પૂછપરછ કરવા માટે રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, કેફીન ટેકનોલોજીસ લિમિટેડ, યુનિટઃ આઈસીઆઈસીઆઈ સિક્યુરીટીઝ લિમિટેડ, સેલેનિયમ બિલ્ડીંગ, ટાવર-બી, પ્લોટ નં. ૩૧ અને ૩૨, ફાઈનાન્સીયલ ડિસ્ટ્રક્ટ, નાનકરામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ ૫૦૦ ૦૩૨, રંગારેડ્ડી, તેલંગણા, ઈમેઈલઃ einward.ris@kfintech.com ને સંપર્ક કરી શકે છે.

આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ વતી
સહી/-
પ્રચિતી લળિંગકર
કંપની સેક્રેટરી
સ્થળઃ મુંબઈ
તારીખઃ ઓગસ્ટ ૧૪, ૨૦૨૫

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમીટેડ વતી
સહી/-
રાજૂ નાનવાણી
કંપની સેક્રેટરી
સ્થળઃ મુંબઈ
તારીખઃ ઓગસ્ટ ૧૪, ૨૦૨૫

## INOX ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ

CIN : L45207GJ2012PLC070279
નોંધણીઃ સર્વે નં. ૧૮૩૭ અને ૧૮૩૪ મોજે જેતલપુર, ABS ટાવર્સ બીજો માળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૭ ખાતે
ફોનઃ ૦૨૬૫-૬૧૯૮૧૧૧; ફેક્સઃ ૦૨૬૫-૨૩૧૦૩૧૨
ઈમેલઃ investor@inoxgreen.com; વેબસાઈટઃ www.inoxgreen.com

**૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**

૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો ("નાણાકીય પરિણામો") ની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. છદૃે એ તેને આપ્યું. નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ્સ **(www.bseindia.com** અને **www.nseindia.com)** કૅમ્પનીના વેપે **(https://www.inoxgreen.com/financial-results.html)** પર ઉપલબ્ધ છે અને નીચેના ઝડપી પ્રતિભાવ કોડ્સ સ્કેન કરો આના દ્વારા પણ ઍક્સેસ કરી શકાય છેઃ

આઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ માટે
Sd/-
શૈલેન્દ્ર ટંડન
દિગ્દર્શક

સ્થળઃ નોઈડા
તારીખઃ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૯૭/૨૫-૨૬ | સયાજીબાગ ઝૂ | ૦૧ | ૧૨,૨૧,૨૬,૪૪૯/- |
| ૨ | ૪૯૮/૨૫-૨૬ | પશ્ચિમ ઝોન | 03 | ૬,૫૨,૪૪૭/- |
| 3 | ૪૯૯/૨૫-૨૬ | મિકેનીકલ વિભાગ | ૦૧ | ૭૫,૦૦,૦૦૦/- |
| ૪ | ૫૦૦/૨૫-૨૬ | રોડ પ્રોજેક્ટ | ૦૪ | ૫૪,૧૪,૩૬,૪૬૫/- |
| ૫ | ૫૦૧/૨૫-૨૬ | સેન્ટ્રલ વર્કશોપ | ૧૫ | ૭,૩૪,૬૪૯/- |

**નોંધઃ અ.નં.૧,૩ અને ૪ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૫૦૨/૨૦૨૫-૨૬ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

PublishedbyKumarJayantilalShah,PrintedbyKumarJayantilalShah,PrintedbyonBehalfofKumarJayantilalShahprintedat(DhartiPrintersC/3,ShankarChambers,Nr.H.K.House,Opp.BataShowroom,AshramRoad,Navrangpura,Ahemdabad)Publishedfrom24,AunodaySociety,MadhuvanFlat,No.8,Alkapuri,Vadodara-390007,Editor:KumarJayantilalShah